ગાંધીનગર સમાચાર

# રાયસણમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો દર્દી મળ્યો

## દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર નજીક આવેલ રાયસણ ગામમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો એક દર્દી મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું છે. મળતી વિગતો પ્રમાણે ૪૭ વર્ષીય પુરૂષ દર્દીને હાલ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યાં દર્દીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આ દર્દી સાથે સ્વાઈન-ફ્લુના કેસોની સંખ્યા ૮ પર પહોંચી છે. જેમાં સાત ગ્રામ્ય વિસ્તારના અને એક દર્દી ગાંધીનગર શહેરમાંથી મળેલ તેનો સમાવેશ થાય છે.

૮ દર્દીઓ પૈકી ૧ દર્દીનું મોત નીપજ્યું છે જ્યારે ૩ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ૪ દર્દી સારવાર હેઠળ છે. જેમાં બે દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા રાયસણ ગામેથી મળેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે પરંતુ ત્યાંથી કોઈ શંકાસ્પદ કેસ મળ્યો નથી.

ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. તંત્ર દ્વારા હવે લોક જાગૃતિ અભિયાન છેડવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

# બ્રિજથી ચિલોડા સર્કલ વચ્ચેના રૂટમાં સ્ટ્રીટ લાઇટના અભાવે હાલાકી

## વી.વી.આઈ.પી. મહાનુભાવોની અવરજવર છતા લાઈટના પોલ્સ ફીટ કરાયા નથી : સલામતીના દ્રષ્ટીકોણને ધ્યાને લઈ નવા પોલ્સ મુકવા વિચારણા

સે-૩૦ થી ચિલોડા સર્કલને જોડતા માર્ગ પર મોટાભાગના વિસ્તારમાં અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. ચિલોડા બ્રીજ સુધી સ્ટ્રીટ લાઈટના પોલ્સ જળહળી રહયા છે. પરંતુ તેની આગળના વિસ્તારમાં લાઈટની સુવિધાના અભાવે રાત્રિના સમયે અંધકાર જોવા મળે છે. આ માર્ગ પર વી.વી.આઈ.પી મહાનુભાવોની અવરજવર હોવાછતા સ્ટ્રીટ લાઈટની સુવિધાઓના અભાવ છે. જેના લીધે સલામતીના દ્રષ્ટીકોણને ધ્યાને લેતા પણ અનેક સમસ્યાઓ ઉદભવે છે.

ગાંધીનગરના સેકટરોમાં અજવાળુ પાથરવા માટે અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ મુકવામાં આવ્યા છે. જયારે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ પણ વર્ષોથી ટોરેન્ટ પાવર લી સંભાળે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઈટની જાળવણીની કામગીરી યોગ્ય રીતે ન થતા સેકટરોની શેરીઓમાં વારંવાર અંધારપટ્ટ જોવા મળતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. ત્યારે શહેરને જોડતા અન્ય માર્ગો પર સ્ટ્રીટ લાઈટના અભાવે પણ અનેક સમસ્યાઓ સર્જાઇ હોવાનુ સ્પષ્ટ થયુ છે. સે-૩૦ સર્કલ થી ચિલોડા સર્કલને જોડતા માર્ગ પર ચિલોડા બ્રીજ પછીના વિસ્તારમાં લાઈટના અભાવે રાત્રિના સમયે ઘોર અંધારૂ છવાઈ જાય છે. બીજીતરફ આ માર્ગ આગળ જતા રાજભવન સહીતના રસ્તા સાથે જોડાયેલો હોવાથી વી વી આઈ પી મહાનુભાવોની પણ વિશેષ અવરજવર રહે છે. જયારે ચિલોડા તેમજ હિંમતનગર દહેગામ સહીતના વિસ્તારોમાં જવા માટે પણ આ માર્ગ ટ્રાફિકથી ધમધમતો જોવા મળે છે. પરંતુ લાંબા સમયના અંતે પણ આ રૂટ પર ચિલોડા બ્રીજ બાદના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અભાવે અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. ત્યારે આ રૂટમાં મુખ્યમંત્રી અને રાજયપાલ સહીતના વી વીઆઈ પી મહાનુભાવોનો આવરોજાવરો રહે છે. સલામતીની દ્રષ્ટીકોણને ધ્યાને રાખી આ માર્ગ પર અજવાળુ પાથરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા પણ આ મામલે વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં ખર્ચનો અંદાજ તૈયાર કરી આ વિસ્તારમાં લાઈટનુ કામ હાથ ધરવામાં આવશે.



## ખૂણે ખાંચરેથી...

● વિધાનસભા સંકુલની પાઈપલાઈનમાં લીકેજ થતાં આજે પાણી ડહોળુ આવવા પામ્યુ હતુ. જો કે સાંજ સુધીમાં લિકેજ દુરસ્ત કરી દેવાયું હતું.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોકલીયર ઈમ્પાલન્ટ માટે રાજયના આરોગ્ય કમિશ્નરશ્રીએ રૂ. ૫૦ લાખનું વિશેષ અનુદાન ફાળવ્યું છે.

● ગાંધીનગર સિવિલના ઓપ્થાલમોલોજી વિભાગમાં સકસેસ સ્ટોરી અંતર્ગત જન્મજાત મોતિયા અને આંખના પદડા પર કાચ વાગતાં થયેલ ઈજા બાદની સારવારની વિડીયોગ્રાફી કરાઈ હતી.

● ગાંધીનગર જિલ્લાના હાલીસા પંથકમાં લીલીના પાકમાં ભાવ ના મળતાં ખેડૂતો દયનીય હાલતમાં મુકાઈ ગયા છે.

● ગાંધીનગર ખેલ મહાકુંભમાં વિજેતા ટેબલ ટેનિસ ટીમ ૧ ૩મીએ ગાંધીધામ ભાગ લેવા જશે. જ્યારે સ્કેટીંગ ટીમ મણિનગર (અમદાવાદ) ખાતે યોજાશે.

● અમદાવાદમાં જાણીતા કવિયત્રી અને નવલ કથાકાર અમૃતા પ્રીતમની આત્મકથા પરથી એક મુલાકાતનું નાટક ભજવાઈ ગયુ જેમાં શેખર સુમન અને દિપ્તી નવલે ભૂમિકા ભજવી કલારસિકોના મન મોહી લીધા હતા.

# આગામી બજેટમાં અનુસૂચિત જાતિ-પેટા યોજનાની જોગવાઈ બાબતે નાણામંત્રી સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા. ૧૦

અનુસૂચિત જાતિની વ્યક્તિ અને કુટુંબલક્ષી સીધી વિવિધ યોજના છઠ્ઠી પંચવર્ષીય યોજનાથી નવમી પંચવર્ષીય યોજના દરમિયાન વાર્ષિક વિકાસ કાર્યક્રમની કુલ જોગવાઈના સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન માટે પ્લાનિંગ કમિશને નક્કી કરેલ વસ્તીના ધોરણે ૭ ટકાની ફાળવણી કરવામાં આવી હતી જે અવગણીને સરેરાશ ૩.૨૪ ટકા જેટલી જ ફાળવણી કરવામાં આવી છે. સન ૨૦૧૬-૧૭ના નાણાંકીય વર્ષ માટે અનુસૂચિત જાતિ પેટા યોજનાની બજેટ જોગવાઈ અંગે ડેમોક્રેકિટ પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરના હોદ્દેદારોએ રાજ્યના નાણામંત્રી અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીને રૂબરૂ મળી આવેદનપત્ર આપ્યુ હતુ અને અનુસૂચિત જાતિ માટેની ખાસ અંગભૂત યોજનાનો લાભ સીધી રીતે મળે તેવી માંગ કરી છે.

ડેમોક્રેટીક પીપલ્સ અસોસિએશન ગુજરાત ગાંધીનગરના હોદ્દેદારો ખોડીદાસ જાદવ, વિરચંદભાઈ પરમાર, પી.જે. રાઠોડ, સોમાભાઈ પરમાર તથા જીવણલાલ સિંધવનું પ્રતિનિધિમંડળ ભાનુકાંત પરમારની આગેવાનીમાં રાજ્યના નાણા મંત્રી સૌરભ પટેલ અને મંત્રી રમણલાલ વોરાને મળી પોતાનું આવનદપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે છઠ્ઠી પંચવર્ષીય યોજનાથી નવમી પંચવર્ષીય યોજના દરમિયાન વાર્ષિક વિકાસ કાર્યક્રમની કુલ જોગવાઈના સ્પેશ્યલ કોમ્પો નં. ૧ પ્લાન માટે પ્લાનિંગ કમિશને વસ્તીના ધોરણે ૭ ટકા લાભ અનુસૂચિત જાતિના વ્યક્તિ-કુટુંબને આપવા ફાળવણી કરી હતી. જે યોજના મહદઅંશે અનુસૂચિત જાતિની વ્યક્તિ/કુટુંબલક્ષી સીધી રીતે લાભદાયી યોજનાઓ હતી. જેનો સીધો લાભ મળતો હતો. સન ૨૦૦૨ થી ૨૦૧૫-૧૬ દરમિયાન આ ફાળવણીમાં ૨ ટકાનો વધારો થયો છે. પરંતુ આ માત્ર ફાળવણી વધારવા ખાતર જ યોજનાઓની સીધી રીતે નહી પણ આડકતરી રીતે અનુસૂચિત જાતિને નહિવત લાભ મળે છે. જનરલ યોજનાઓ જેવી કે સરદાર સરોવર, માર્ગ અને મકાન શહેરી વિકાસ, વન અને પર્યાવરણ, હેલ્થ અને હાઉસીંગ વગેરે વિકાસના સદરો હેઠળની પેટા યોજનાની ફાળવણી મોટી બતાવવામાં આવે છે પણ અનુસૂચિત જાતિને તેનો લાભ નહીવત મળે છે.

**ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાતના હોદ્દેદારોએ મંત્રી સૌરભભાઈ પટેલ અને રમણલાલ વોરાને મળી રજૂઆત કરી હતી**

આમ અનુસૂચિત જાતિ માટેની ખાસ અંગભૂત યોજનાનો મૂળભૂત ઉદ્દેશ તેમની જરૂરિયાતો અને સમસ્યાઓ ધ્યાને લઈ તેઓને સીધી રીતે લાભ મળે તેવી વ્યક્તિ/કુટુંબલક્ષી યોજનાઓ બનાવવી જેથી તેઓ સામાજિક, આર્થિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્ર અન્ય વર્ગોની હરોળમાં ઝડપથી આગળ વધી શકે. સન ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર તૈયાર થઈ રહ્યું છે. ત્યારે અમારી માંગણી મજુબ ૭ ટકાના નિયમ ધોરણે સબ પ્લાનમાં જોગવાઈ કરવા રજૂઆત કરવામાં આવી છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર નામાભિધાન માટે માંગ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આવેલ કોઈપણ શાળા કે મુખ્ય રાજમાર્ગ સાથે ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામનું નામાભિધાન કરવા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા અવારનવાર માંગ કરવામાં આવી છે. આ અંગે ગાંધીનગર મનપાના મેયરને પણ લેખિતમાં રજૂઆત કરાતા તેમણે નગરના મુખ્ય માર્ગો અને સર્કલોની માલિકી મળશે ત્યારે ઉપરોક્ત માંગની અમલવારી હકારાત્મક કાર્યવાહી વિચારણા કરાશે તેવી હૈયાધારણ આપી હતી. તેથી ડૉ. બાબાસાહેબની ૧૨૫મી જન્મ જયંતિએ નગરની કોઈપણ શાળા, મહાશાળા કે મુખ્ય રાજમાર્ગને નામકરણ કરવા ડૉ. આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિના ઉપ પ્રમુખ વિઠ્ઠલભાઈ પરમારે માંગ કરી છે.

## શહેરમાં અનુભવાતી બેવડી ઋતુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસોથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ક્યારેક ઠંડી એકદમ ઘટી જાય છે, તો ક્યારેક અચાનક જ ઠંડા પવનો ફૂંકાતા લઘુત્તમ તાપમાન નીચુ જતુ રહે છે. દિવસ દરમ્યાન તાપમાન ઉંચુ અનુભવાતા બેવડી ઋતુ અનુભવાય છે.

ઉત્તર ભરતના કાશ્મીર સહિતના કેટલાક વિસ્તારોમાં બરફ વર્ષા થતા શહેરમાં પુનઃ તાપમાન બે ડિગ્રી જેટલુ ઘટીને ૧૦.૫ ડિ.સે. જેટલુ નોંધાયું છે. બરફ વર્ષા થંભી જાય ત્યારે તાપમાન ઉંચુ અનુભવાય છે. વળી દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ઉંચુ રહેતા બેવડી ઋતુ અનુભવાઈ રહી છે.

આજે લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૩૦.૨ ડિ.સે. જેટલુ ઉંચુ અનુભવાયુ હતુ.

# સેક્ટર-૨૦માં રહેતા એસઆરપી જવાનના બેંક ખાતામાંથી ૨.૩૮ લાખની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સેક્ટર-૨૦ ખાતે સરકારી કવાટર્સમાં રહેતા એસઆરપી જવાનના બેંક ખાતામાંથી રૂ. ૨.૩૮ લાખ રૂપીયાની ઉઠાતરી થઈ ગઈ હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. ખાતામાંથી દિલ્હીના એટીએમ ખાતેથી રૂપિયા ઉપડ્યા હોવાનું ખુલ્યુ છે. ત્યારે દિલ્હી બાજુ ગયા જ નથી તેવા એસઆરપી જવાના એટીએમનું ડુપ્લીકેટ એટીએમ બનાવી પાસવર્ડ હેક કરીને કોઈ સર્કિય ગેંગે ગુનો આચર્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૦ ખાતે છ-ટાઈપમાં બ્લોક નં. ૧૫/૪ ખાતે રહેતા એસઆરપી જવાન રામનિવાસ સંપતરામ આહિરનો એસબીઆઈમાં બેંક ખાતુ છે. તારીખ ૩ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુારી દરમ્યાન અલગ અલગ તારીખે કોઈ શખ્સે તેમના બેંક ખાતામાંથી પાસવર્ડ હેક કરીને તબક્કાવાર રૂ. ૨.૩૮ લાખ ઉપાડી લીધા હોવાનું ધ્યાને આવતા તે ચોંકી ઉઠ્યા છે. જવાને પોતાના બેંક ખાતામાંથી તબક્કાવાર ઉપડેલા રૂ. ૨.૩૮ લાખ અંગે છેતરપીંડીની ફરીયાદ આપતા સે. ૨૧ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ ગઢવીએ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ધ્યાને આવ્યું છે કે રૂપિયા દિલ્હીના કોઈ એટીએમમાંથી ઉપડ્યા છે. જેને પગલે દિલ્હીની ડુપ્લીકેટ એટીએમ બનાવી પાસવર્ડ હેક કરીને રૂપિયા ઉપાડતી ગેંગ સક્રિય થઈ હોવાની પણ શક્યતાઓ વર્તાઈ રહી છે. દિલ્હીના એટીએમના સીસીટીવી કુટેજ મોકલવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

**દિલ્હીના કોઈ એટીએમમાંથી રૂપિયા ઉપડ્યા હોવાનું ખુલ્યુ : ડુપ્લીકેટ એટીએમ બનાવી પાસવર્ડ હેક કરીને રૂપિયા ઉપાડતી ગેંગ સક્રિય થઈ હોવાની આશંકા**



શહેરમાં રોજ બ રોજ ટ્રાફિક સમસ્યા શિરદર્દ સમાન છે. ગઈકાલે સવારે ૧૦ના સુમારે એક એસ.ટી. બસ છોટાહાથી સાથે ટકરાઈ હતી. કોઈને ઈજાઓ થઈ ન હતી. પરંતુ થોડા સમય માટે ટોળા એકત્ર થઈ ગયા હતા. આશ્ચર્યની વાત એ હતી કે શહેરના મુખ્ય ગણાતા ઘ-૫ સર્કલ પર કોઈ પોલીસ હાજર ન હતી. આખરે સમજાવટથી બન્ને પક્ષકારો છુટા પડ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

## ગાંધીનગરમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

જિલ્લામાં અનુભવાતી બેવડી ઋતુના કારણે હાલમાં જોવા મળતા વાઈરલ રોગો સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે ઉપયોગી આયુર્વેદ ઔષધિય ઉકાળાનું સેવન લાભદાયી નીવડે છે. નગરજનોએ રોગ પ્રતિકારક શક્તિની વૃદ્ધિ અને વાઈરલ બેક્ટેરીયલ ઈન્ફેક્શન સામે રક્ષણ મેળવવા માટે જિલ્લામાં આવેલ ૧૭ સરકારી આયુર્વેદ દવાખાનાની મુલાકાત લઈને વૈદ્યકિય સલાહ અનુસાર આપની પ્રકૃતિ જાણી આ ઋતુમાં આપને કેવો આહાર તથા વિહાર માફક આવે તે જાણી તથા હાલની પરિસ્થિતિ અનુસાર રોગ પ્રતિકારક શક્તિની વૃદ્ધિ તથા થયેલ રોગની વિના મુલ્યે સારવાર આપશે જેમાં સરકારી આયુર્વેદ દવાખાનું, પોર, તા. ગાંધીનગર, સરકારી આયુર્વેદ દવાખાનુ, જમીયતપુરા, તા. ગાંધીનગર, સરકારી આયુર્વેદ દવાખાનુ, સેક્ટર-૭, સરકારી આયુર્વેદ દવાખાનું સે. ૨૯, સરકારી આયુર્વેદ દવાખાનુ, અમીયાપુર, તા. ગાંધીનગર, સરકારી આયુર્વેદ દવાખાનુ, ટીંટોડા, તા. ગાંધીનગર, સીવીલ આયુર્વેદ ઓ.પી.ડી. ગાંધીનગર, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ કુડાસણ, તા. ગાંધીનગર, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ સરઢવ, તા. ગાંધીનગર, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ દોલા. વાસણા, તા. ગાંધીનગર (મંગળ, શુક્ર), જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, મગોડી, તા. ગાંધીનગર, સરકારી આયુર્વેદ દવાખાનું, રિદ્રોલ, તા. માણસા, સરકારી આયુર્વેદ દવાખાનું, પરબતપુરા, તા. માણસા, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, ઈસંડ, તા. કલોલ, સરકારી આયુર્વેદ દવાખાનું, કલોલ, સરકારી આયુર્વેદ દવાખાનું, ખાનપુર, તા. દહેગામ, સરકારી આયુર્વેદ દવાખાનું, પીપળજ, તા. દહેગામનો સમાવેશ થાય છે.

## બિલોદરા ખાતે આજે હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં તમાકુ વ્યસન, મસા અને પથરી જેવા રોગોનું પ્રમાણ વધારે જોવા મળતું હોવાથી ગાંધીનગર જિલ્લા પંચાયત સ્વ-ભંડોળ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ તમાકુ વ્યસન, મસા અને પથરીના રોગો માટે હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મુ. બિલોદરા, તા. માણસા, જિ. ગાંધીનગર ખાતે તા. ૧૧-૨-૨૦૧૬, ગુરૂવારના રોજ સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોજાશે. તમાકુ વ્યસન, મસા અને પથરી જેવા રોગો માટે હોમિયોપેથિક સારવાર ખુબજ અસરકારક છે અને હોમિયોપેથિક દવાઓની કોઈ આડ અસર હોતી નથી.

# ફેબ્રુઆરીના મધ્યથી અંત સુધી લગ્નોની ઝાકમઝોળ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં આગામી દિવસોમાં ફરી એકવાર લગ્નોની શરણાઈઓ ગુંજતી સંભળાશે અને રાસ-ગરબાના ઢોલ ઢબૂકતા સંભળાશે.

**શહેરના તમામ પાર્ટી પ્લોટ, લગ્ન વાડીઓ, રંગમંચ અને હોટલના બેન્કવેટ હોલનું એડવાન્સ બુકીંગ : વસંત પંચમીના વણજોયા મુહૂર્તથી માર્ચ સુધી શરણાઈ-ઢોલ ગુંજશે**

ફેબ્રુઆરી માસમાં વસંતપંચમી સહિતના આખરી દિવસોમાં લગ્નોના મુહૂર્તની સંખ્યા ખૂબજ વધારે હોવાથી શહેરમાં અઢળક લગ્ન સમારંભોના આયોજનો થવા પામ્યા છે. આ કારણે નગરજનો ફરી એકવાર લગ્નસરાની મૌસમ માણવા આતુર જણાઈ રહ્યા છે.

ભારતીય પરંપરામાં લગ્ન એ માત્ર બે વ્યક્તિના સહજીવનના પ્રારંભની વિધિ નથી પરંતુ બે કુટુંબો વચ્ચના નવા સંબંધોનો પ્રારંભ કરતી મહત્વપૂર્ણ ઘટના ગણાય છે. આ કારણે આપણી સંસ્કૃતિમાં લગ્ન ઉત્સવની જેમજ ઉજવવામાં આવે છે. લગ્નોત્સવ એ માત્ર વરઘોડીયા માટે જ નહી પરંતુ સમગ્ર પરિવારજનો અને સ્નેહીજનો માટે જીવનભર યાદગાર સંભારણુ બની રહે તે રીતનું આયોજન કરવામાં આવે છે. લગ્નના આયોજન માટે મુહૂર્ત સૌથી અગત્યનું પરિબળ છે. આ કારણે જ્યારે પણ મુહૂર્ત હોય ત્યારે અસંખ્ય લગ્ન સમારંભોના આયોજનો એક સાથે જોવા મળે છે.

ફેબ્રુઆરી માસમાં વસંત પંચમી આવે છે. અને લગ્ન માટે વસંત પંચમીનું મુહૂર્ત એ વણજોયુ મુહૂર્ત તરીખે ઓળખાય છે. આ દિવસ લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત ગણાય છે. માટે દર વર્ષે વસંતપંચમી અને તેની આસપાસના દિવસોમાં અઢળક લગ્નો થતા જોવા મળે છે. આ વર્ષે પણ તા. ૧૬મી ફેબ્રુઆરીથી લગ્નોના મુહૂર્તો સારા હોવાથી શહેરમાં ઠેકઠેકાણે અઢળક લગ્નોના આયોજનો હાથ ધરાયા છે. છેક માર્ચ મહિનાના પ્રારંભ સુધી આ લગ્ન સમારંભોની વણથંભી વણઝાર ચાલશે. જેના કારણે બજારોમાં પણ ખરીદીની ભીડ અને તેજીનો માહોલ જોવા મળશે. આ સમયગાળા દરમ્યાન તમામ પાર્ટી પ્લોટ, લગ્નવાડીઓ, રંગમંચ અને બેકિવેન્ટ હોલ વગેરે અગાઉથી બુક થઈ જવા પામ્યા છે. ફેબ્રુઆરી મધ્યથી અંત સુધીમાં શહેરમાં ઝાકમઝોળ અને ઉત્સવનો માહોલ છવાઈ જશે. અને નગરજનો પોતાના સ્નેહીજનોના આંગણે આયોજિત લગ્નસમારંભોમાં બની ઠનીને મ્હાલશે.

